પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષઃ૨૪, અંકઃ૨૯૬, કુલ પાનાઃ૪, તારીખઃ ૦૯-૦૮-૨૦૨૧ સોમવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 296 PRICE :-RS. 1.50 DATE : 09-08-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### આકાશમાંથી ચીન અને પાકિસ્તાન પર રહેશે બાજ નજર

# ૧૫ ઓગસ્ટના ત્રણ દિવસ પહેલાં ભારત ઉપગ્રહ જીસેટ-૧ લોન્ચ કરશે

ન્યુ દિલ્હી,

સ્વતંત્રતા દિવસથી ઠીક ત્રણ દિવસ પહેલા ભારત આખરે પોતાના સૌથી ઉચ્ચ કોટીના ઉપગ્રહ (જીસેટ-૧)ને લૉન્ચ કરશે. દેશની સુરક્ષાની દ્રષ્ટીએ પણ આ સેટેલાઈટ ઘણો મહત્વપૂર્ણ સાબિત થશે. આના દ્વારા દેશની સરહદોની વાસ્તવિક તસવીરો લેવામાં મદદ મળશે. પાકિસ્તાન અને ચીન સાથેની સરહદ પર ભારત પહેલાથી સારી નજર રાખી શકશે. સેટેલાઈટને ૧૨ ઑગષ્ટના સવારે ૫:૪૩ વાગ્યે શ્રીહરિકોટાથી લૉન્ચ



કરવામાં આવશે.

એકવાર પૃથ્વીથી ૩૬,૦૦૦ કિમી ઉપર કક્ષામાં સ્થાપિત થયા બાદ આ ઉપગ્રહ 'આકાશમાં આંખ્લ બનીને દેખરેખ કરશે. આ ઉપગ્રહ દ્વારા મોટા એરિયાની દેખરેખ એક સમયમાં કરી શકાશે. આની નજરથી દુશ્મનો પણ નહીં બચી શકે. અંતરિક્ષ વિભાગના એક અધિકારીએ જણાવ્યું કે, આ સેટેલાઈટ ભારત માટે ઘણો મહત્વપૂર્ણ થવાનો છે. અત્યધિક ક્ષમતાના કેમેરા લાગ્યા હોવાના કારણે સેટેલાઈટ ભારતીય ભૂમિ અને દરિયાની દેખરેખ કરશે, ખાસ કરીને સરહદોની.

જીસેટ-૧નું લૉન્ચિંગ મૂળ રીતે આંધ્ર પ્રદેશના નેલ્લોર જિલ્લાથી ૫ માર્ચના થવાનું હતું, પરંતુ ટેકનિકલ કારણોના લીધે લૉન્ચિંગ ઠીક એક દિવસ પહેલા ૨૬ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ૨,૨૬૮ કિગ્રા વજનના આ ઉપગ્રહના લૉન્ચિંગમાં કોવિડ-૧૯થી જોડાયેલું લોકડાઉન હોવાના કારણે વિલંબ થયો. આના લૉન્ચિંગનો કાર્યક્રમ બાદમાં એપ્રિલ અને પછી મે માટે બનાવવામાં આવ્યો હતો, પરંતુ દેશના અનેક ભાગોમાં લોકડાઉનના કારણે આવું ના થઈ શક્યું.

આ વર્ષે ભારતનું આ પ્રાથમિક ઉપગ્રહનું પહેલું પ્રક્ષેપણ હશે. ઈસરોએ ૨૮ ફેબ્રુઆરીના બ્રાઝિલના પ્રાથમિક ઉપગ્રહ અમેઝોનિયા-૧ની સાથે કેટલાક દેશી ઉપગ્રહો સહિત ૧૮ નાના ઉપગ્રહોને લૉન્ચ કર્યા હતા. કોરોના મહામારીના કારણે આ સેટેલાઈટના લૉન્ચિંગમાં મોડું થયું. ઈસરોનું GSLV-F10 રૉકેટ આખરે ૨,૨૬૮ કિલોગ્રામ વજનના જૈજ્ઠં-૧, કોડનેમ ઈજી-૩ને જિયો-ઑર્બિટમાં નાંખવા માટે તૈયાર છે. સરહદની સુરક્ષાની સાથે સાથે કુદરતી હોનારતો સહિત હવામાનની રિયલ ટાઈમ જાણકારી પણ મળશે.

# JKમાં આતંકી ફંડિંગ મામલે ૪૦થી વધુ સ્થળે NIAના દરોડા

શ્રીનગર,

રાષ્ટ્રીય તપાસ એજન્સીએ રવિવારના જમ્મુ-કાશ્મીરના અનેક અલગ-અલગ સ્થાનો પર દરોડા પાડ્યા છે. આ રેડ અનંતનાગ જિલ્લામાં આતંકવાદ ફંડિંગ મામલે કરવામાં આવી. આ પહેલા ૧૦ જુલાઈના NIAએ ટેરર ફંડિંગ મામલે જમ્મુ-કાશ્મીરથી ૬ લોકોની ધરપકડ કરી હતી. NIAની ટીમ ડોડા, કિશ્તવાડ, રામવન, અનંતનાગ, બડગામ, રાજૌરી અને શોપિયાં સહિત અનેક જગ્યાએ દરોડા પાડ્યા. જમાત-એ-ઈસ્લામીના સભ્ય ગુલ મોહમ્મદ વારના નિવાસસ્થાન પર પણ દરોડા પાડવામાં આવ્યા.



એક દિવસ પહેલા જ જમ્મુ-કાશ્મીર સરકારના ૧૧ કર્મચારીઓને આતંકવાદીઓ સાથે સંબંધ રાખવાના આરોપમાં સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા. સસ્પેન્ડ કરવામાં આવેલા લોકોમાં હિઝબુલ મુઝાહિદીનના સંસ્થાપક સૈયદ સલાહુદ્દીનના ૨ દીકરા પણ સામેલ છે. દિલ્હીની એક અદાલતે કથિત હિઝબુલ મુઝાહિદીન આતંકવાદીઓની વિરુદ્ધ આરોપ નક્કી કરવાનો આદેશ આપ્યો હતો. આ આદેશ બાદ જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી ગતિવિધિઓનું ષડયંત્ર રચવા માટે પાકિસ્તાન પાસેથી ફંડ લેવાના મામલે વધુ પુરાવા એકત્રિત કરવામાં આવી રહ્યા છે.

અદાલતે ગુનાહિત કાવતરું દેશની વિરુદ્ધ યુદ્ધ છેડવા અને UPAની જોગવાઈઓ હેઠળ અલગ-અલગ આરોપો હેઠળ આરોપ નક્કી કરવાનો આદેશ આપ્યો હતો. વિશેષ ન્યાયાધીશ પરવીન સિંહે પોતાના આદેશમાં કહ્યું કે, આતંકવાદી સંગઠને એક ફંટલ સંગઠન જમ્મુ-કાશ્મીર પ્રભાવિત રાહત ટ્રસ્ટનું ગઠન કર્યું હતું. એ પણ જણાવવામાં આવ્યું કે, આ ટ્રસ્ટનો ઉદ્દેશ આતંકવાદી ગતિવિધિઓનું સેલ્ફ ફાયનાન્સ કરવાનો હતો. આ ટ્રસ્ટ મુખ્ય રીતે આતંકવાદીઓ અને તેમના પરિવારો માટે ફંડ પુરુ પાડવા માટે બનાવવામાં આવ્યું હતું.

જાણકારી પ્રમાણે રવિવાર સવારે લગભગ ૫ વાગ્યે રાષ્ટ્રીય તપાસ એજન્સીએ જમ્મુ-કાશ્મીર પોલીસ અને અર્ધસૈનિક દળોના જવાનોની સાથે સાથે અલગ-અલગ લોકેશન પર દરોડા પાડ્યા. કાશ્મીરની સાથે સાથે જમ્મુના અલગ-અલગ વિસ્તારોમાં જમાત-એ-ઈસ્લામી સાથે જોડાયેલા સંગઠનો તેમજ એનજીઓના કાર્યાલયો અને ઘરો પર આ કાર્યવાહી ચાલું છે.

# ડોક્ટર-સરકાર આમને-સામનેઃ કોરોના વોરિયરનું સર્ટિફિકેટ પાછુ આપવાની ચિમકી

અમદાવાદ,

રાજ્યના ૨૦૦૦ જેટલા જુનિયર ડોકટર કેટલીક માંગણીઓ સાથે હડતાળ પર ઉતર્યા છે, ત્યારે સિવિલ હોસ્પિટલના પણ જુનિયર ડોકટર ૫ દિવસથી હડતાળ પર છે. આજે હડતાળના પાંચમાં દિવસે ડોક્ટરોએ બ્લડ ડોનેશન કેમ્પ યોજ્યો હતો. જેમાં અનેક ડોક્ટરોએ બ્લડ ડોનેટ કર્યુ હતું. ઉપરાંત ડોક્ટરોએ કહ્યું કે, બપોર સુધી માંગણી પૂરી ના થાય તો કોરોના વોરિયર્સનું સર્ટિફિકેટ પણ સરકારને પરત આપીશું.

સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં આવેલ બી.જે મેડિકલ કોલેજમાં જુનિયર ડોકટર પાંચ દિવસથી હડતાળ પર છે. ત્યારે આજે હડતાળના પાંચમાં દિવસે ડોકટર દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ડોક્ટરોએ સ્વેચ્છાએ બ્લડ ડોનેશન કર્યું હતું. ડોક્ટરોએ તેમને અપાયેલા મેડલ સર્ટિફિકેટ બપોર સુધી તેમની માંગણીનો સ્વીકાર ના થાય તો પરત આપવાની તૈયારી દર્શાવી છે.

જુનિયર ડોકટર ઉમાને જણાવ્યું હતું કે, આજે હડતાળનો ૫મો દિવસ છે. ત્યારે અમે હડતાળ હજુ યથાવત જ રાખવાના છીએ. હડતાળ હોવા છતાં કાલે ઓર્ગન ડોનેશનમાં અમારી જરૂર હતી. હડતાળના સમયે પણ અને કામ કરીને માનવતા દાખવી છે. આજે ૫માં દિવસે બ્લડ ડોનેશન કર્યુ હતું. જેમાં અનેક ડોકટરો જોડાયા હતા, આજ બપોર



સુધી સરકાર દ્વારા નિવારણ નહીં આવે તો અમને અપાયેલ કરુણા વોરિયર્સનું સર્ટિફિકેટ અમે સરકારને પરત આપીશું.

કોવિડની મહામારીમાં દર્દીની ખડેપગે સેવા કરનાર અમદાવાદ સહિત રાજ્યની છ સરકારી મેડિકલ કોલેજોના બે હજારથી વધુ જુનિયર ડોક્ટરો સરકાર સામે લડી લેવાના મૂડમાં છે. જ્યારે બીજી તરફ સરકારે જુનિયર ડોક્ટરોને હોસ્ટેલ ખાલી કરવાના આદેશો જારી કર્યા છે. છતાં જુનિયર ડોક્ટરો હડતાળ યથાવત રાખવા મક્કમ છે. જેથી જુનિયર ડોક્ટરો અને સરકાર આમને સામને આવી ગયા છે. જુનિયર ડોક્ટરોની હડતાળ છતાં સિવિલ હોસ્પિટલમાં ઈમરજન્સી-ઓપીડી સહિતની સેવાઓ યથાવત છે, પણ ૪૫ ટકા પ્લાન્ડ સર્જરી રદ કરવાની ફરજ પડી છે. જો કે, હોસ્પિટલતંત્ર દ્વારા સિનિયર ડોક્ટરો(ફેકલ્ટી) ની રાઉન્ડ ધ ક્લોક ડ્યૂટી ગોઠવાઈ છે.

# છોટાઉદેપુર જિલ્લામાં વરસાદની ધમાકેદાર એન્ટ્રીઃ ઠેર-ઠેર પાણી ભરાયા

છોટાઉદેપુર,

આ વખતે ગુજરાતમાં હવામાન વિભાગે સારા વરસાદની આગાહી કરી છે. ત્યારે હજુ સુધી રાજ્યમાં ૪૧ ટકા વરસાદની ઘટ છે. આ સાથે હવામાન વિભાગે ૧૫ ઓગસ્ટ સુધીમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતાઓ ન હોવાની આગાહી કરી છે. ત્યારે આજે વહેલી સવારથી છોટાઉદેપુરનાં ૩ તાલુકાઓમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. રાજ્યમાં થોડા દિવસથી વરસાદની ગતિ મંદ થતા લોકો ગરમીથી હેરાન થઈ રહ્યાં છે. આજે વહેલી સવારથી વરસાદની વાત કરીએ તો, છોટાઉદેપુરનાં ત્રણ તાલુકામાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. વહેલી સવારથી બોડેલી, પાવીજેતપુર, છોટાઉદેપુર, ઢોકલીયા અને અલીપુરામાં ધોધમાર વરસી રહ્યો છે. જેના કારણે લોકોએ અસહ્ય ગરમીમાંથી છૂટકારો મેળવ્યો છે. આ સાથે ખેડૂતો વરસાદના વિરામને કારણે ચિંતિત બન્યા હતા પરંતુ ફરીથી વરસાદ વરસતા ખેડૂતોમાં પણ ખુશીની લહેર વ્યાપી ગઈ છે. હવામાન વિભાગે આગાહી કરી હતી કે, ગુજરાતમાં જુલાઈ મહિનામાં સામાન્ય વરસાદ થશે પરંતુ સામાન્ય કરતા પણ ઓછો વરસાદ નોંધાયો છે. ઓગસ્ટમાં સારો વરસાદ નહીં થાય તો પાણીની તંગી સર્જાઈ શકવાની ભીતિ છે. ઓછા વરસાદના કારણે ગુજરાતના જળાશયો પણ ભરાયા નથી. કૂવામાં પણ પાણીના સ્તર ઉપર આવ્યા નથી. ત્યારે હવામાન વિભાગના ડાયરેક્ટર મનોરમા મોહંતીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં વાદળછાયું વાતાવરણ યથાવત રહેશે. આગામી ૪ દિવસમાં અમદાવાદ, દાહોદ, મહીસાગર, પંચમહાલ, ડાંગ, નર્મદા, નવસારી, તાપી, વલસાડ, સુરત, ભરૂચ, અરવલ્લી, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, દિવ સહિતના જિલ્લામાં સામાન્ય વરસાદ થવાની શકયતા છે. ઓગસ્ટના બીજા સપ્તાહ પછી સારો વરસાદ થાય તેવી આશા છે.

# રાજ્યના છ IAS અધિકારીઓની કેન્દ્રમાં જોઈન્ટ સેક્રેટરી પદે નિયુક્તિ




**આ છ IAS અધિકારીઓને કેન્દ્રમાં નિયુક્ત કરાયા**

બંછાનીધિ પાની
શાલીની અગ્રવાલ
હર્ષદકુમાર પટેલ
પી.ભારથી
રણજીથકુમાર
કે.કે.નિરાલા

ગાંધીનગર,

ભારતીય વહીવટી સેવાના ૨૦૦૫ની બેંચના ૪૯ અધિકારીઓને કેન્દ્રમાં સંયુક્ત સચિવ અથવા સમકક્ષ પદ માટે મૂકવામાં આવ્યાં છે. જેમાં ગુજરાતના ૬ આઈએએસ અધિકારીઓની કેન્દ્રમાં નિયુક્તિ કરાઈ છે. જેમાં બંછાનીધિ પાની, શાલીની અગ્રવાલ, હર્ષદકુમાર પટેલ, પી.ભારથી, રણજીથકુમાર, કે.કે.નિરાલાની કેન્દ્રમાં જોઈન્ટ સેક્રેટરી પદે નિયુક્તિ કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ રાજ્યમાં ૭૭ આઈએએસ અધિકારીઓની બદલી કરવામાં આવી હતી. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેમાં સુરત, રાજકોટના કમિશ્નર બદલાયા અને અમદાવાદના ડીડીઓ પણ બદલાયાં હતાં. જેમાં રાજકોટના મ્યુન્સિપલ કમિશ્નર ઉદિત અગ્રવાલની બદલી મહેસાણા કલેક્ટર તરીકે થઈ હતી. હાલમાં મહેસાણા કલેક્ટરનો ચાર્જ વાય એમ દક્ષિણી પાસે હતો. સુરત, રાજકોટ, વડોદરા, આણંદ, સહિત અનેક જિલ્લામાં કલેક્ટર, મ્યુનિસિપલ કમિશનરની બદલીના આદેશો થયા છે. જેમાં કુલ ૭૭ અધિકારીઓની ફેરબદલી થઈ હતી. રાજ્યમાં કોરોના વાયરસના કેસ કાબૂમાં આવતા અને સરકાર કોરોના એડમિનિસ્ટ્રેશનમાંથી રાહતનો શ્વાસ લેતા રાજ્યના ૨૬ આઈએએસ અધિકારીઓની બદલી બાદ વધુ ૭૭ આઈએએસ અધિકારીઓની બદલી કરવામાં આવી હતી. અધિકારીઓની બદલીનો ગંજીફો ચીપ્યો છે.

# આજે મોદી ખેડૂતોને કિસાન સમ્માન નિધિ હેઠળ ૧૯,૦૦૦ કરોડ રૂપિયા ફાળવશે

ન્યુ દિલ્હી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ નાણાકીય લાભનો આગામી હપ્તો ૯ ઓગસ્ટ બપોરે ૧૨.૩૦ કલાક વીડિયો કોન્ફરન્સ દ્વારા જારી કરશે. પ્રધાનમંત્રી કાર્યાલયે એક અખબારી યાદીમાં તેની સૂચના આપી છે. તેનાથી ૯.૭૫ કરોડથી વધુ કિસાન પરિવારોના ખાતામાં ૧૯૫૦૦ કરોડ રૂપિયાથી વધુની રકમ સીધી એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવામાં આવશે. આ દરમિયાન પીએમ મોદી કિસાનો સાથે વાતચીત પણ કરશે અને રાષ્ટ્રને સંબોધિત કરશે.

પીએમ કિસાન યોજના હેઠળ કિસાન પરિવારોને ૬૦૦૦ રૂપિયા પ્રતિ



વર્ષ આપવામાં આવે છે. આ પૈસા ૨૦૦૦ રૂપિયાના ત્રણ સમાન હપ્તામાં સીધા બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવામાં આવે છે. આ યોજના દ્વારા અત્યાર સુધી ૧.૩૮ લાખ કરોડથી વધુ રકમ કિસાન પરિવારોને મોકલવામાં આવી ચુકી છે. આ તકે કેન્દ્રીય કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમર પણ હાજર રહેશે. આ પહેલા ૧૪ મેએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વીડિયો કોન્ફરન્સ દ્વારા પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ નાણાકીય લાભનો આઠમો હપ્તો જારી કર્યો હતો.

આ યોજનાનો ફાયદો ઉઠાવવા માટે ખેડૂત પાસે આધારકાર્ડ હોવું જરુરી છે. આધાર કાર્ડ વગર આ યોજનાનો ફાયદો ઉઠાવી શકતા નથી. તેની સાથે બે હજાર રુપિયાનો હપ્તો મેળવવા માટે બેંકમાં ખાતું પણ હોવું જરુરી છે. ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા સીધી ખાતામાં રકમ આવે છે. બેંક ખાતુ આધાર સાથે લિંક થયેલું હોવું જરુરી છે. જો કોઈ દસ્તાવેજ જમા કરવાનો રહી ગયો હોય તો ઓનલાઈન અપલોડ કરી શકાય છે. જો અત્યાર સુધી પીએમ કિસાન સમ્માન નિધિ માટે અરજી કરી ન હોય તો સરકારી વેબસાઈટ પર જઈ અરજી કરી શકાય છે. આ ઉપરાંત તેના લાભાર્થીઓમાં નામ છે કે નહીં તે ઓનલાઈન ચેક પણ કરી શકાય છે.

# રસીના બે ડોઝ લઈ લેનાર ભારતીયોએ યુકેમાં ક્વોરન્ટાઈન નહીં થવું પડે

ન્યુ દિલ્હી,

રસીના બંને ડોઝ લઈ ચુકેલા ભારતીયોને યુકેના પ્રવાસ દરમિયાન હવેથી ૧૦ દિવસ ફરજિયાત ક્વોરન્ટાઈન નહીં થવું પડે. યુકેએ ભારતને રેડ ઝોનમાંથી દૂર કરીને ગ્રીન ઝોનમાં મુકવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય મુસાફરી માટે બ્રિટનની ટ્રાફિક લાઈટ સિસ્ટમ અંતર્ગત આ લિસ્ટના દેશોમાંથી આવતા લોકોએ હવે ૧૦ દિવસ હોમ ક્વોરકન્ટાઈન નહીં થવું પડે. આ નિયમ આજથી લાગુ થઈ ગયો છે.

યુકેના પરિવહન સચિવે ટ્વીટ કરીને લખ્યું, યુએઈ, કતાર, ભારત અને બહેરીનને રેડ લિસ્ટમાંથી ગ્રીન લિસ્ટમાં મુકવામાં આવ્યા છે. વિશ્વભરમાં પરિવારો, મિત્રો અને વ્યવસાયો સાથે જોડાવા ઈચ્છુક લોકો માટે આ સારા સમાચાર છે. જેનો શ્રેય રસીકરણ કાર્યક્રમને જાય છે.

આ નિર્ણય બ્રિટન જતાં ભારતીય પ્રવાસીઓ માટે રાહતભર્યો છે. તેમણે ૧૦ દિવસ ક્વોરન્ટાઈન નહીં થવું પડે પરંતુ પ્રસ્થાનના ત્રણ દિવસ પહેલા કોવિડ રિપોર્ટ કરાવવો પડશે અને ઈંગ્લેન્ડમાં ઉતર્યા બાદ પણ ટેસ્ટ કરાવવો પડશે.



















## સંતરામપુર ખાતે વન અને આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી

# રમણલાલ પાટકરના અધ્યક્ષસ્થાને શહેરી જનસુખાકારી દિવસ યોજાયો

લુણાવાડા, સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં રાજ્ય સરકારના યશસ્વી પાંચ વર્ષની પૂર્ણતાના અવસરે વન અને આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી રમણલાલ પાટકરના અધ્યક્ષસ્થાને મહીસાગર જિલ્લાના સંતરામપુર ખાતે ૮મી ઓગષ્ટ 'શહેરી જનસુખાકારી દિવસ' કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે લુણાવાડા નગરપાલિકાને રૂપિયા એક કરોડ બાર લાખ પચાસ હજાર, બાલાસિનોર નગરપાલિકાને રૂપિયા એક કરોડ બાર લાખ પચાસ હજાર અને સંતરામપુર નગરપાલિકાને રૂપિયા પચાસ લાખના મ્યુનિસિપલ ફાઈનાન્સ



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

બોર્ડ–ગાંધીનગર દ્વારા કુલ રૂ.૨.૭૫ કરોડની ધનરાશીના ચેકો એનાયત કરવામાં આવ્યા હતા. તેમજ લુણાવાડા નગરપાલિકા વિસ્તારમાં ગુજરાત શહેરી આજીવિકા મિશન અંતર્ગત લુણાવાડા શહેરમાં જેસિંગપુર ખાતે બનાવેલ અંદાજીત રૂ.૩૮.૯૯/– લાખના આશ્રય સ્થાનનું લોકાર્પણ, સંતરામપુર નગરપાલિકા વિસ્તારમાં સ્ટ્રોમ વોટર ડ્રેનેજ, આર.સી.સી. રસ્તા તથા બોક્ષ કલવર્ટ બનાવવાના અંદાજીત રૂ.૫.૯૪ કરોડના કામોનું ખાતમુહુર્ત અને બાલાસિનોર નગારપાલિકા વિસ્તારમાં રોડ, ઓપન ગટર, કમ્પાઉન્ડ વોલ, સ્ટ્રીટ લાઇટ વિથ પોલ તથા ઊંચી પાણીની ટાંકીના અંદાજીત રૂ.૨.૧૫ કરોડના કામોનું લોકાર્પણ કરાયું હતું.

આ પ્રસંગે વન અને આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રીએ જણાવ્યું હતું કે, આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના રાહ પર ચાલી આપણા રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વવાળી સરકાર ગુજરાત રાજ્યને આગળ લઇ જવા અથાક મહેનત કરી રહી છે જેનાથી ગુજરાત વિકાસની નવી ઉંચાઇઓ આંબશે તેમા કોઇ બે મત નથી. છેલ્લા બે દાયકાની આપણી સરકાર લોકોનો વિશ્વાસ જીતી વિકાસના અનેક કામો કરી રહી છે. તેમણે કહ્યું કે, ખેડુતોની આવક બમણી કરવા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ જે નિર્ણયો લીધા છે જેનાથી ખેડુતોની આવક વધી રહી છે.

વધુમાં મંત્રીએ જણાવ્યું હતુ કે રાજય સરકારે કિસાન સૂર્યોદય યોજના અમલી બનાવી છે. આ યોજના હેઠળ વર્ષ–૨૦૨૨ સુધી રાજ્યના તમામ ખેડુતોને દિવસે વીજળી મળશે. તેમણે ઉમેર્યુ કે ખેડુતોને સિંચાઇ માટે છેલ્લા પાંચ વર્ષમાં સાડા પાંચ લાખ વીજ કનેક્શનો આપવામાં આવ્યા છે. આમ આ સરકાર ખેડુતોની આવક વધારવા કટીબદ્ધ છે. છેવાડાના માનવીને સારામાં સારી આવક થાય તેમની સુખાકારીમાં વધારો થાય તે માટે આ સરકાર સતત પ્રયત્નશીલ છે. સંતરામપુર ધારાસભ્ય કુબેરભાઇ ડીંડોરે સંતરામપુર નગરના વિકાસ કામોની રૂપરેખા આપતા જણાવ્યું કે, મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીની સરકારના પાંચ વર્ષના સ્થિર અને સક્ષમ સુશાસનના કારણે સંતરામપુર નગરપાલિકાને રૂપિયા પચાસ લાખના મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ– ગાંધીનગરના અનુદાનના ચેકો આજે એનાયત કરાયા છે તેમજ સંતરામપુર નગરપાલિકા વિસ્તારમાં સ્ટ્રોમ વોટર ડ્રેનેજ, આર.સી.સી. રસ્તા તથા બોક્ષ કલવર્ટ બનાવવાના અંદાજીત રૂ.૫.૯૪ કરોડના કામોનું આજે ખાતમુહુત કરી નગરના નગરજનોની સુવિધામાં વધારો કરવા માટે રાજય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. લુણાવાડાના ધારાસભ્ય જીગ્નેશભાઇ સેવકે જણાવ્યું કે, સરકારની ઉપલબ્ધિઓ વર્ણવતા જણાવ્યું કે, લોકોની આવક અને સુખાકારીમાં વધારો થાય તેવા અનેક નિર્ણયો આ સરકારે લીધા છે. જેના લીધે છેલ્લા દોઢ–બે દાયકામાં ગુજરાતની કાયાપલટ થઇ છે. આ પ્રસંગે ઉપસ્થિત સૌએ અમદાવાદથી રાજ્ય કક્ષાના 'શહેરી જનસુખાકારી દિવસ' કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.

આ પ્રસંગે સંતરામપુર નગરપાલીકાના પ્રમુખમતી સુનીતાબેન ખાંટે સ્વાગત પ્રવચન કર્યું હતું અને સંતરામપુર નગરપાલીકાના ચીફઓફીસર દિલીપસિંહ હઠીલાએ આભાર વિધિ કરી હતી. તેમજ કાર્યક્રમ બાદ મહાનુભાવો દ્વારા મેદાન ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર ડો.મનીષકુમાર, અગ્રણી દશરથભાઇ બારીયા,બાલાસિનોર નગરપાલિકા પ્રમુખ, તાલુકા પંચાયત પ્રમુખ, પ્રાંત અધિકારી કૌશીક જાદવ, મામલતદાર,પદાધિકારીઓ, નગરપાલિકાના ચીફ ઓફિસરઓ તેમજ નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સંતરામપુર નગરમાં રખડતા પશુઓનો આતંક : પાંચ વ્યકિતને ઈજાઓ

સંતરામપુર, નગરમાં રખડતા પશુઓનું આંતક એકસાથે પાંચ વ્યક્તિ ઘવાયા સંતરામપુર નગરમાં સતત છેલ્લા બે માસથી રખડતાં પશુઓના કારણે રાહદારીઓને અવારનવાર જીવનું જોખમ વધી રહેલો છે. રોડ ઉપર જ સામસામે આખલાઓ આવી જતા પસાર થતા રાહદારીઓને હુમલો કરીને ભારે નુકશાન કર્યું હતું. આશરે આજે પાંચ વ્યક્તિઓને રખડતાં પશુઓને ના આખલાઓ લડાતા રોડ ઉપર ના જતા વ્યકિતઓને ઘવાયા હતા. સંતરામપુરના કોલેજ રોડ વિસ્તારમાં



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

કલાક સુધી આખલાઓનો ત્રાસ થી પાંચ વ્યકિત ઘવાયા હતા. આજુ બાજુ ના સ્થાનિક રહીશો વેપારીઓ ત્રાસી ગયા હતા. માનવી અને વાહનોને પણ મોટાપાયે નુકશાન થયું હતું. આ બાબતની સ્થાનિક વેપારીઓએ અને રહીશોએ સંતરામપુર નગરમાં અનેકવાર રજૂઆત કરવા છતાંય આ બાબતે ગંભીરતાપૂર્વક લેવામાં આવતી નથી. રખડતાં પશુઓના માલિકને ઉપર કાર્યવાહી કરવામાં આવે સ્થાનિક રહીશોને વેપારીઓની માંગ ઊભી થઈ છે. રખડતા પશુઓ દરેક વિસ્તારોમાં રોડ ઉપર બગાડ કરતા હોય છે. આના કારણે દુર્ગંધ ફેલાયેલી છે. વહેલી તકે રખડતા પશુઓનું કાયમી નિકાલ લાવવામાં આવે સ્થાનિક રહિશોએ માંગ ઊભી થયેલી છે.

# મહીસાગર જિલ્લાના શિક્ષકો દ્વારા લાંબા સમયથી પડતર પ્રશ્ને સરકારે ન્યાય ન આપતા જિલ્લા સેવાસદન બાર આંદોલન



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા, મહીસાગર જીલ્લા માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક સંઘના નેજા હેઠળ આજે શિક્ષકોએ મહીસાગર જિલ્લા સેવાસદન બહાર કલ પડતર પ્રશ્નને કાળી પટ્ટી ધારણ કરી મૌન ધરણા કરી પોતાની માંગને બુલંદ બનાવી છે. લાંબા સમયથી પડતર પ્રશ્નને સરકારે ન્યાય ન આપતા શિક્ષકો દ્વારા આંદોલન કરકામાં આવ્યું હતું. મહીસાગર જિલ્લા પંચાયત ખાતે ગુજરાત રાજ્ય માદયમિક અને ઉચ્ચતર માદયમિક શિક્ષક સંઘ મહામંડળ અને ગુજરાત રાજય ઉચ્ચતર માદયમિક શિક્ષક સંઘ મહામંડળના સંયુક્ત આદેશનુંસાર મહીસાગર માધ્યમિક અને ઉતર માધ્યમિક શાળાઓના શિક્ષક તેમજ કર્મચારીઓના અગત્યના પડતર પ્રશ્નો જેવા કે, પાંચ વર્ષની ફિકસ પગારની નોકરી તમામ હેતુઓ માટે સળંગ ગણવી, સાતમાં પગારપંચના તફાવતના બાકી હપ્તા તાત્કાલિક ચુકવવા, બિનશરતી ફાજલના કાયમી રક્ષણના પરીપત્રમાં રહેલી વિસંગતતાઓ અને વાંધાજનક મુદ્દા દુર કરવા CPF તથા વર્ધિત પેંશન યોજના નાબુદ કરી GPF અને જૂની પેનશન યોજનાનો અમલ કરવો વગેરે પ્રશ્નોનો ઉકેલ નહીં આવતાં આંદોલનના બીજા તબક્કાના ભાગરૂપે આજે કાળી પટ્ટી ધારણ કરી મૌન ધરણાંનો કાર્યક્રમ યોજનામાં આવ્યો હતો. જેમાં જિલ્લામાંથી મોટી સંખ્યામાં શિક્ષકો ઉપસ્થિત રહીને પોતાની માગણીને બુલંદ બનાવી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૦૯-૦૮-૨૦૨૧, સોમવાર, શ્રાવણ સુદ-૧, સૂર્યોદય-૬-૨૩, સૂર્યાસ્ત-૭-૨૧, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : સિંહ (મ.ટ.), નક્ષત્રઃ આશ્લેષા

- શુભ ચોઘડીયા -

૧૨-૨૬ થી અભિજીત ૧૩-૧૮ સુધી,૬-૨૩ થી અમૃત ૮-૦૦ સુધી ૯-૩૮ થી શુભ ૧૧-૧૫ સુધી ૧૪-૨૯ થી ચલ-લાભ-અમૃત-ચલ-૨૦-૪૪ સુધી ૨૩-૩૦ થી લાભ ૨૪-૫૨ સુધી

- શુભ હોરા-

૬-૨૩ થી ૭-૨૮ સુધી ૮-૩૩ થી ૯-૩૮ સુધી ૧૧-૪૭ થી ૧૫-૦૨ સુધી ૧૬-૦૭ થી ૧૭-૧૨ સુધી

# ગુજરાત અર્બન બેંક ફેડરેશન અને ત્રણ જીલ્લા અર્બન એસોશીએસનના ઉપક્રમે સેમિનાર યોજાયો



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા, ગુજરાત રાજ્ય અર્બન બેંક ફેડરેશન અમદાવાદ. પંચમહાલ દાહોદ મહીસાગર અર્બન બેંક એસોસિએશન ગોધરા, તથા પંચમહાલ જિલ્લા સહકારી સંઘ ગોધરા ના સંયુક્ત ઉપક્રમે પંચમહાલ જિલ્લાની નાગરિક સહકારી બેંકોના ચેરમેન – એમડી અને મેનેજર ઓ માટે એક દિવસીય સેમિનાર પંચમહાલ જિલ્લા સહકારી સંઘના ચેરમેન કેટી પરીખ ના પ્રમુખ સ્થાને અને ગુજરાત અર્બન બેંક ફેડરેશન ના સી.ઈ.ઓ જે.વી.શાહ તથા જી.કે.મિસ્ત્રી ના માર્ગદર્શન માં યોજવામાં આવ્યો હતો. જેમાં ત્રણેવ જિલ્લાની બેન્કોના પદાધિકારીઓ પૂરી સંખ્યામાં હાજર રહી હાલના બેન્કિંગના ઉદ્દભવતા પ્રશ્નો અને તેના નિરાકરણ અંગે ચર્ચાઓ કરેલ હતી.

# સંતરામપુર નગરમાં દશામાના વ્રતને લઈ ખરીદી માટે ભારે ભીડ



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર નગરમાં શ્રદ્ધાનું ઉત્સાહભેર દશામાના વ્રતની ઉજવણી સંતરામપુર પ્રથમવાર આશરે ૩૦૦૦ મૂર્તિનું વેચાણ છેલ્લા બે વર્ષ દરમિયાન કોરોના ના કારણે ઉજવણી કરી શકાય નહીં પરંતુ આ વખતે ભક્તોએ મન મૂકીને દશામાનુ વ્રત કરવા માટે ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો છેલ્લા બે દિવસમાં સંતરામપુર નગરમાં દશામાની મૂર્તિની ખરીદીમાં ભારે ભીડ અને ઘસારો જોવાયો હતો.

# આજથી શરૂ થયેલ દશામાના વ્રતને લઈ મૂર્તિ પૂજાપો જેવી ખરીદી માટે મહિલાઓ ઉમટી

દાહોદ, આજે રવિવારે એટલે કે, તારીખ ૦૮મી ઓગષ્ટના રોજ દિવાસાના દિવસથી શરૂં થતાં શ્રધ્ધાના વિષયસમા દશામાના વ્રતની દાહોદ શહેર સહિત સમગ્ર દાહોદ જિલ્લામા ચાલી રહેલી તડામાર તૈયારીઓનો આજે આખરી ઓપ અપાઈ રહ્યો છે અને દશામાની મૂર્તિઓ તેમજ પુજાયો પ્રસાદ તથા આરતીની ચીજવસ્તુઓની દુકાનોમાં મહિલાઓની ભારે ભીડ રહેવા પામી છે. બીજી તરફ છેલ્લા બે વર્ષથી કોરોના મહામારી વચ્ચે વણ માંઈ ભક્તો પોતાની માતાની પુજા અર્ચનામાં કોઈ કસર ન રહે તે માટે પણ તત્પર છે, પરંતુ બજારોમાં આ વખતે તહેવાર ટાળે જોઈએ તેટલી ઘરાકી ન હોવાને કારણે વેપારીઓ પણ ચિંતામાં જોવા મળ્યાં હતાં.

અષાઢ મહિનાના છેલ્લા દિવસે એટલે કે, દિવાસાના દિવસથી દશામાના વ્રતનો મંગલ આરંભ કરવામાં આવે છે. દાહોદ શહેર સહિત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમા પણ વર્ષ–પ્રતિવર્ષ દશામાના વ્રતનું મહત્વ વધતું જોવા મળી રહ્યું છે. જેના કારણે દાહોદ શહેરના નગરપાલિકા ચોક તથા નેતાજી બજારમાં દશામાની મુર્તિઓના વેચાણ માટેની કતારબંધ હાટડીઓ ગોઠવાઈ ગયેલી જોવા મળી રહી છે અને દુકાનદારો પણ અવનવા શણગાર વડે દશામાની મુર્તિઓ સજાવીને દશામાના ભક્તોને આકર્ષતા જોવા મળી રહ્યાં છે. આજે મોડી સાંજ સુધી દશામાના ભક્તો દશામાની મુર્તિ, પુજાયો, પ્રસાદ, આરતીની ચીજવસ્તુઓ ખરીદવામાં વ્યસ્ત નજરે પડતાં હતાં. આ વર્ષે પણ દાહોદ શહેરમા પણ દશામાતાની મુર્તિઓનુ ધુમ વેચાણ રહેવા પામ્યું છે. આ વ્રત દશ દિવસનું હોઈ આ વ્રતમા દશ દિવસ સુધી ભકતો શ્રદ્ધા અને ભકિતભાવપુર્વક સવાર–સાંજ દશામાની મુર્તિની પુજા અર્ચના કરી પ્રસાદ ધરાવશે અને પોતાની દશા સુધારવાની મનોકામના કરશે. જિલ્લામા હજારોની સંખ્યામાં દશામાની મુર્તિઓ સ્થાપના કરવામાં આવશે આ વ્રત દશ દિવસ સુધી શ્રદ્ધા અને ભકિતભાવપુર્વક સવાર–સાંજ દશામાની પુજા અર્ચના કરવામાં આવશે.

# દૈનિક રાશીફળ

## તા.૦૯.૦૮.૨૦૨૧ સોમવાર

મેષ (અ.લ.ઈ.):- હવાઈ કિલ્લા રચવાથી તમને ફાયદો નહીં થાય. પરિવારના સભ્યોની અપેક્ષા પર પાર ઉતરવા માટે તમારે કશુંક કરવું જોઈએ. તમારી આર્થિક સ્થિતિ સુધરશે આમ છતાં નાણાખર્ચમાં વધારો તમારી યોજનાઓને પાર પાડવામાં અંતરાયો ઊભા કરશે.

વૃષભ(બ.વ.ઉ.):- તમે કોઈક વિચિત્ર પરિસ્થિતિમાં સપડાઈ જાવ તો નિરાશ ન થતા. જેમ ભોજનમાં સ્વાદ મીઠાને આભારી છે તેમ સાચા આનંદનું મૂલ્ય સમજવા માટે કેટલીક તકલીફ પણ જરૂરી છે. તમારા મૂડને બદલવા સામાજિક મેળાવડામાં હાજરી આપો. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે.

મિથુન(ક.છ.ઘ.):- ધાર્મિક લાગણી ઊભી થશે અને તેનાથી તમે કોઈક સંતપુરૂષ પાસેથી દૈવી જ્ઞાન મેળવવા કોઈક ધાર્મિક સ્થળની મુલાકાત લેશો. આર્થિક બાબતોમાં ચોક્કસ સુધારો થશે-પણ તેની સાથે જ ખર્ચમાં પણ વધારો થશે. ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે.

કર્ક(ડ.હ.):- સ્વાસ્થ્યની દષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. પરિવારના સભ્યો તથા જીવનસાથી કેટલીક સમસ્યા સર્જશે.

સિંહ(મ.ટ.):- માનસિક શાંતિ માટે તમારા ટૅન્શનનો ઉકેલ લાવો. આજે કોઈપણ પ્રકારનું રોકાણ ટાળવું. તમે જો તમારા ભાગીદારોના મતને નજરઅંદાજ કરશો તો તેઓ ધીરજ ખોઈ બેસશે. તમારા મિત્ર સાથે બહાર જાવ ત્યારે સારી રીતે વર્તો.

કન્યા(પ.ઠ.ણ.):- તમે પરિસ્થિતિની કમાન સંભાળશો એટલે તમારી બેચેની દૂર થઈ જશે.તમને એ સમજાવાની શક્યતા છે કે બધું સાબુના પરપોટા જેવું ક્ષણભંગુર છે જ હિંમત સાથેના પ્રથમ સંપર્કથી જ ગાયબ થઈ જાય છે. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે.

તુલા(ર.ત.):- તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. તમારી રચનાત્મક પ્રતિભાનો યોગ્ય ઉપયોગ લેવાશે તો તે ખૂબ જ આકષર્ષક સાબિત થશે. તમારી મુલાકાતે આવનારા મહેમાનો તમારી સાંજ પર કબજો જમાવશે. પ્રેમમાં તમે નિરાશ થયા હશો પણ નાસીપાસ થશે નહીં કેમ કે પ્રેમીઓ ખૂબ જ અધીરા હોય છે.

વૃશ્ચિક(ન.ય.):- વ્યાયમ દ્વારા તમે તમારા વજનને અંકુશ હેઠળ રાખી શકશો. ઉતાવળા નિર્ણય લેતા નહીં- ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો. નવું પારિવારિક સાહસ શરૂ કરવા માટે શુભ દિવસ. આ સાહસને સફળ બનાવવા માટે પરિવારના સભ્યની મદદ લો.

ધન(ભ.ધ.ફ.ઢ.):- બિનજરૂરી વિચારોને તમારા મગજમાં સ્થાન જમાવવા ન દો. શાંત તથા તાણમુક્ત રહેવાનો પ્રયાસ કરો, એ તમને માનસિક દઢતા બક્ષશે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે-તમારી સામે એટલી બધી બાબતો હશે અને તમાંથી કઈ બાબત હાથ ધરવી તેની મીઠી મૂમંઝવણ તમને થશે.

મકર(ખ.જ.):- ભાગ્ય પર આધાર ન રાખો અને તમારૂં સ્વાસ્થ્ય સુધારવાના પ્રાયાસ કરો કેમ કે નસીબ એવી આળસું દેવી છે જે ક્યારેય તમારી પાસે નહીં આવે. સમય આવી ગયો છે જ્યારે તમારે તમારા વધતા વજન પર અંકુશ મુકીને સ્વાસ્થ પાછું મેળવવા કસરત પાછી શરૂ કરવી જોઈએ.

કુંભ(ગ.શ.સ.):- દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. જૂના મિત્રો સહકાર આપશે અને મદદરૂપ સાબિત થશે.

મીન(દ.ચ.ઝ.):- તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો.

# દાહોદના રાછરડા ગામે જુગાર રમતા ૮ ઈસમોને ૧૩ હજારની રોકડ સાથે ઝડપ્યા

દાહોદ, દાહોદ તાલુકાના રાછરડા ગામે ખુલ્લી જગ્યામાં ગંજી પત્તા પાનાનો હારજીતનો પૈસાથી જુગાર રમી રહેલા ૦૮ ઈસમોને પોલીસે ઝડપી પાડી અંગ ઝડતી તેમજ દાવ પરથી રોકડા રૂપીયા ૧૩,૩૦૦ સાથે ૦૮ જુગારીઓને ઝડપી પાડી જેલના સળીયા પાછળ ધકેલી દીધાનું જાણળા મળે છે.

દાહોદ તાલુકાના કતવારા પોલીસને મળેલ બાતમીના આધારે રાછરડા ગામે નાયક ફળિયામાં ખુલ્લી જગ્યામાં જાહેરમાં ગંજી પત્તા પાનાનો હારજીતનો પૈસા વડે જુગાર રમી રહેલ વિરેન્દ્ર કલ્યાણસિંહ પડવાલ (રહે.રાછરડા, નાયક ફળિયું, તા.જિ.દાહોદ), કમલેશભાઈ પુનાભાઈ પ્રજાપતિ (રહે.ચંદવાણા, તા.જિ.દાહોદ), રાકેશભાઈ પુનાભાઈ પ્રજાપતિ (રહે.ચંદવાણા), કૈલાશભાઈ અમરસિંગભાઈ કથોટા (રહે. હિમાલા, તા.જિ.દાહોદ), રમેશભાઈ કોયચંદભાઈ પેલીયા (રહે.હિમાલા), લલીતચંદ્ર મદનલાલ શર્મા (રહે.બીલવાળી, ગામતળ, તા.જિ.દાહોદ), જગદીશકુમાર દેવીસિંહ ધોતી (રહે.હિમાલા) અને બળવંતસિંહ દેવીસિંહ બામણ (રહે. તરવાડીયા વજા, તા.જિ. દાહોદ) આ આઠેય જણા જુગાર રમતાં હોવાની પોલીસને બાતમી મળતાં પોલીસે ઓચિંતી રેડ પાડતાં નાસભાગના દ્રશ્યો સર્જાયાં હતાં પરંતુ પોલીસે ચારેય તરફથી ઘેલી લઈ ઉપરોકત આઠેય જણાને ઝડપી પાડી તેમની અંગ ઝડતીમાંથી અને દાવ પરથી કુલ રૂા.૧૩,૩૦૦ની રોકડ સાથે ઉપરોક્ત આઠેય જણાની ઝડપી પાડી જુગાર ધારાની કલમ મુજબ કતવારા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કોંગ્રેસ અગ્રણી ભરતસિંહ સોલંકીના ઘરે ધાર્મિક કાર્યક્રમમાં શંકરસિંહ વાઘેલા હાજર રહ્યા



તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર

ગુજરાતના માજી મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ ગઈકાલે માજી કેન્દ્રીય મંત્રી અને કોંગ્રેસ અગ્રણી ભરતસિંહ સોલંકીના નિવાસસ્થાને યોજાયેલા એક ધાર્મિક કાર્યક્રમમાં હાજરી આપી હતી. શંકરસિંહની ભરતસિંહના ઘરે પ્રસંગમાં હાજરી બન્ને નેતાની વધતી જતી નિકટતા સૂચવી રહી છે અને બાપુ કોંગ્રેસમાં પુનઃ પ્રવેશ કરે તે પણ નિશ્ચિત માણવામાં આવી રહ્યું છે. જોકે સૂત્રોનું માની એ તો બાપુ કોંગ્રેસમાં પ્રવેશ અંગે હાઈ કમાન્ડ સાથે કેટલીક બાબતોમાં પોતાના વિચારોનું નિયમન કરાવવું જરૂરી સમજે છે અને તે બાબતે વાત અટકી હોવાનું જાણવા મળે છે, અગાઉ પણ એકાદ બે વખત આજ બાબતે ભરતસિંહ અને શંકરસિંહ વચ્ચે બાપુના નિવાસ સ્થાને ચર્ચા ઓ થઈ છે. કોંગ્રેસમાં બાપુમાં પુનઃ પ્રવેશ થી ગુજરાતના રાજકારણમાં એક નવો વળાંક પણ આવી શકે છે. રાજ્યમાં ગામે ગામ બહોળો કાર્યકર અને ખાસ વિશ્વાસુ વ્યકિતઓની મોટી સંખ્યા ધરાવતા શંકરસિંહ વાઘેલા સાથે ઘણા બધા મોટા માથાઓને વ્યક્તિ ગત સબંધો આજે પણ એવા ને એવા છે. ત્યારે શું એ.આઇ.સી.સી. ભૂતકાળ ભૂલી ને શંકર સિંહ વાઘેલા ને પુનઃ પ્રવેશ માટે લીલી ઝંડી આપે છે કે નહિ તે આવનાર સમય બતાવશે.

## શહેરા નગરપાલિકા
## જાહેર નિવિદા
## ટેન્ડર નોટીસ નં.૦૨, વર્ષ ૨૦૨૧-૨૨(બીજો પ્રયત્ન)

મુખ્ય અધિકારી, શહેરા નગર પાલિકા, જિ.પંચમહાલ તરફથી શહેરા નગરપાલિકા વિસ્તારમાં નાણાંકીય વર્ષ ૨૦૨૧–૨૨ માટે (૧) હેન્ડપંપ રીપેરીંગ કરવાના કામો માટે લેબર કામના વાર્ષિક ભાવો તથા (૨) હેન્ડ પંપ રીપેરીંગ કરવાના કામો માટે માલ–સામાન ખરીદીના વાર્ષિક ભાવો તથા (૩) સ્ટ્રીટ લાઈટના કામે જરૂરી માલ–સામાન ખરીદ કરવા માટે વાર્ષિક ભાવો માટે રસ ધરાવતા યોગ્ય રજીસ્ટ્રેશન ધરાવતા સલંગ્ન વેપારીઓ/કોન્ટ્રાકટરો પાસેથી ઓનલાઈન ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે.

ટેન્ડર તા.૧૨/૦૮/૨૦૨૧, સમય ૧૮.૦૦ કલાક સુધી ડાઉનલોડ તથા સબમીશન કરી શકાશે. તથા ટેન્ડર ફી, ઈ.એમ.ડી. તથા બીજા ડોકયુમેન્ટ તા.૧૭/૦૮/૨૦૨૧ ૧૬.૦૦ કલાક સુધી નગર સેવા સદન કચેરી કામકાજ સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે. આ ટેન્ડર અંગેની બીજી શરતો અને માહિતી માટે વેબસાઈટ www.nprocure.com પરથી મળી શકશે. ટેન્ડર તા.૧૭/૦૮/૨૦૨૧ બપોરના ૧૭.૦૦ કલાકે ઓપન કરવામાં આવશે. જેમાં ટેન્ડર કર્તાઓએ અત્રેની કચેરીમાં અવશ્ય હાજર રહેવાનું રહેશે.

ચીફ ઓફીસર, નગરપાલિકા શહેરા — પ્રમુખ, નગરપાલિકા શહેરા

માહિતી/ગોધરા/૪૧૦/૨૦૨૧

# લીમખેડા વિધાનસભા વોટ્સઅપ ગૃપમાં ભાજપના પૂર્વ મહામંત્રીએ અશ્લીલ ફોટા પોસ્ટ કરતા રાજકારણમા ખળભળાટ મચ્યો

લીમખેડા,

લીમખેડા વિધાનસભાના ભાજપના નેતાઓ સંચાલિત વોટ્સઅપ ગૃપ ૧૩૧-લીમખેડા બીજેપી નામના વોટ્સઅપ ગ્રુપમાં ભાજપના જ એક સિનિયર અને વરિષ્ઠ નેતા દ્વારા અશ્લીલ ફોટા પોસ્ટ કરવામાં આવતા ગ્રુપમા સામેલ ભાજપના મહિલા નેતાઓ સહિત તમામ સભ્યોનું શરમથી માથું ઝૂકી જવા પામ્યુ હતું.

લીમખેડા ભાજપના નેતાઓ દ્વારા સંચાલિત ૧૩૧-લીમખેડા બીજેપી નામના ગૃપમાં આજે ભાજપના અગ્રણી નેતા અને દાહોદ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ અને હાલના વાલાગોટા જીલ્લા પંચાયત સીટના ભાજપના મહિલા સભ્યના પતિ નારસિંહ પરમાર દ્વારા અશ્લીલ પોસ્ટ મુકવામાં આવતા ગ્રુપમાં સામેલ ભાજપના મહિલા હોદ્દેદારો અશ્લીલ ફોટાની પોસ્ટ જોઈને તમામનું માથું શરમથી ઝૂકી ગયું હતું. ભાજપ સંગઠનના પૂર્વ જિલ્લા મહામંત્રી નારસિંહ પરમારે આજે ભાજપના વોટ્સઅપ ગૃપમાં અશ્લીલ ફોટા મુકતા ભારે ચર્ચા ચાલી હતી. જ્યારે ભારે કુતૂહલ સર્જાયું હતું. વોટ્સઅપ ગ્રુપમાં અનેક મહિલા હોદ્દેદારો તેમજ પૂર્વ કેન્દ્રીય મંત્રી અને દાહોદ જિલ્લાના સાંસદ જશવંતસિંહ ભાભોર અને રાજય સરકારના મંત્રી બચુભાઈ ખાબડ, દાહોદ જિલ્લા ભાજપના પ્રમુખ શંકરભાઈ અમલીયાર, જીલ્લા મહામંત્રી સહિત ભાજપના પદાધિકારીઓ, હોદ્દેદારો સહિતના અનેક દિગ્ગજ નેતાઓ આ ગૃપમાં સામેલ હોવાનુ જાણવા મળી રહ્યુ છે. ત્યારે ભાજપના આજે એક સિનિયર નેતા દ્વારા ગ્રુપમાં આવી અશ્લીલ પોસ્ટ મુકાતા આ મુદ્દો દિવસ પર ચર્ચાની એરણે રહ્યો હતો. ત્યારે આવી અશ્લીલ ફોટાની પોસ્ટ મૂકનાર વિરૂદ્ધ ભાજપ દ્વારા કડક કાર્યવાહી કરવામા આવે તેવી ચર્ચાઓએ જોર પકડતા લીમખેડાના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. ત્યારે વોટ્સઅપના એક ગ્રુપ એડમીને ગ્રુપને ઓન્લી એડમીન મોડ કરીને ગૃપમાં અશ્લીલ ફોટા પોસ્ટ થતા અટકાવવાનો પ્રયાસ કર્યો હતો અને સાથે ગ્રુપમા બીભત્સ અને અયોગ્ય મેસેજ મૂકનાર સામે આઈટી એક્ટ મુજબ હવે પછી કાયદેસરની કાર્યવાહી કરવા તાકીદ સૂચના પણ આપી હતી. જ્યારે ગૃપમાં ભૂલથી પોસ્ટ થઈ હોવા થી નારસીંગ પરમારે માફી પણ માંગી હોવાનું જાણવા મળ્યું છે, જ્યારે દિવસ દરમિયાન આ મુદ્દો ટોક ઓફ ધી ટાઉન રહેવા પામ્યો હતો.

# કાતિલ કોરોના એ અત્યાર સુધી વિશ્વમાં ૪૨ લાખથી વધુ ભરખી ગયો ?

દે. બારીયા,

ડબલ્યુ. એચ.ઓ.ના સાપ્તાહિ અહેવાલ મુજબ વિશ્વમાં ૧૩૨ દેશોમાં કાતિલ કોરોના ડેલ્ટા વેરીએન્ટ તેમજ ૮૧ દેશોમાં ગામા વેરીએન્ટના કેસો નોંધાયા છે. આ ઉપરાંત ૧૮૨ દેશોમાં આલ્ફા વેરીએન્ટના કેસો સામે આવ્યા છે. ભારતમાં સૌ પ્રથમ ડેલ્ટા વેરીએન્ટ જોવા મળેલો ડેલ્ટા વેરીએન્ટના કેસો અત્યાર સુધી વિશ્વામાના ૧૩૫ દેશોમાં કેસો નોંધાયા છે. એક મહિનાથી વધુના સમયના કોરોનાના નવા કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. ગત સપ્તાહમાં એટલે જુલાઈના છેલ્લા વિકમાં ૪૦ લાખ કેસ નોંધાયા છે. કોરોના નવા કેસોમાં વધારે પૂર્વ ભૂમદય અને પશ્ચિમ પેસીપીક ક્ષેત્રોના લીધે થઈ રહ્યો છે. ૩૭ ટકા અને ૩૩ ટકા કેસોમાં વધારો નોંધાયો છે. દક્ષિણ પૂર્વ એશીયામાં નવા કેસોમાં ૯ ટકા વૃધ્ધી થઈ છે. આ સપ્તાહમાં કોરોનાથી વિશ્વમાં ૬૪,૦૦૦ દર્દીઓના મૃત્યુ થયા હતા. જેમાં ગત સપ્તાહના તુલનાએ ૮ ટકાના ઘટાડો નોંધાયો છે. વર્તમાન સમયે કોરોના વૈશ્વિક સ્તરે કેસની સંખ્યા ૧૯.૭ કરોડને આંબી ગઈ છે. તેમજ કોરોનામાં મૃત્યુ પામનાર દર્દીઓ સંખ્યા ૪૨ લાખ થઈ છે. આ રેન્ક આગળ વધીને ૨૦ કરોડને પાર થઈ શકે છે. તેવું વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને જણાવ્યું છે. આના ઉપરથી ત્રીજી લહેરના આપણને દેખાય રહ્યા છે. તેવું સમજીને ચાલવું જોઈએ કોરોના નવા નવા સ્વરૂપોથી સમગ્ર દુનિયામાં હજુ તેનું જોખમ ઓછુ નથી થયું. કોરોનાનો ડેલ્ટા વેરીએનટ હાલમાં હાહાકાર મચાવ્યો છે. અને હવે દુનિયાના ૧૩૫ દેશોમાં પગપેસારો થઈ ચૂકયો છે. સૌથી વધુ ૫,૪૩,૪૨૦નવા કેસો નોંધાયા હતા. જે ૯ ટકાનો વધારો થઈ ચૂકયો છે. આપણા ભારતમાં ૭ ટકાના વધારા સાથે સપ્તાહમાં ૨,૮૩,૯૨૩ કેસ નોંધાયા હતા.

ઈન્ડોનેશીયામાં ૨,૭૩,૮૯૧ નવા કેસ, બ્રાજીલમા ૨,૪૭,૮૩૦ નવા કેસ આવ્યા છે. જે ૨૪ ટકાનો ઉછાળો દેખાવા મળ્યો છે. અને ઈરાનમાં ૨૭ ટકાનો ઉછાળા સાથે ૨,૦૬,૭૨૨ કેસ નોંધાયા હતા.

અત્રે ખાસ ઉલ્લેખ કરવાનો કે મેડીન ઈન્ડીયાના પાંચમો વેકસીન જોન્સન એન્ડ જોન્સનનો ઈમરજન્સી માટે મળી ચુકી છે. આ મેડીન ઈન્ડીયાની વેકસીન એક ડોઝમાં લેવાશે તેથી ભારતવાસીઓ લેવા માટે તત્પરતા દેખાડશે તે નિશ્ચીતછે. આપણું સ્વાસ્થ્ય વિભાગ તમામ વેકસીન કેન્દ્રો ઉપર તેનો જથ્થો આવતા માસ સુધીમાં ઉપલબ્ધ કરાવે તેવા સંકેત મળી રહ્યા છે. જેથી તમામ ભારતવાસીઓ એક ડોઝ લેવા પસંદ કરશે તેવું માનવમાં આવી રહ્યું છે.

# પવિત્ર શ્રાવણનો પ્રથમ સોમવાર અને ચાંદની પ્રથમ રાત્રી મોહરમની સાથે ગંગા જમનાની અનોખી તેહજીબ છે ભારત દેશની

દે.બારીયા,

આજે પવિત્ર માસનો પ્રથમ સોમવારની શરૂઆત અને સાંજે ચાંદ રાત મોહરમ માસની પ્રથમ ચાંદની રાત્રી સાથે આપણા ભારત દેશની તેહજીબ પ્રસંશા વિશ્વમાં બેમીશાલ છે. શ્રવણ જેવો પવિત્ર માસ, પવિત્ર રમજાન માસ સાથે પણ આવ્યો છે. ઈસ્લામના દરેક તહેવારો ફરતા આવતા હોવાના કારણે આ પવિત્ર શ્રાવણ માસ ઈસ્લામના દરેક કે દરેક તહેવારોમાં સાથે આવી ચૂકયા છે.

આમ, ઈસ્લામી તીથીનો છેલ્લો માસ જીલ્લા હજજનો વિદાય હોય છે. ઈસ્લામ પ્રથમ માસ એટલે મોહરમ થી શરૂઆત થાય મહંમદ સાહેબના દોહીત્ર ઈમામ હુસેની શહાદતની સાથે અને આખરી મહિનો હજરત ઈસ્માઈની કુરબાની મહીમો સાથે સાથે પ્રથમ અને છેલ્લા મહિનાઓ બલીદાનના ઉપદેશ નો સંદેશ આપે છે. ઈમામ હુસેનના ઉર્ષ સાથે તેમના બદલીદાનો તેમના કુટુંબના નાના અલી અજગર અને નૌજવાન અલીઅકબરની કુરબાની આપી પોતે શહાદત વોહરી લીધી તેનું વર્ણન પુરા દશ દિવસ થતું આવ્યું છે. સાથ તેમના મગબરાના રૂપમાં તાજીયા પણ બનાવવામાં આવે છે. જેનું જરીના રૂપમાં હાલમાં બની રહ્યા છે. દે.બારીયામાં મોહરમના દસ દિવસ સુધી ઈમામ હુસેનની શહાદતનું મહેફીલો કરવામાં આવશે. તેમાં નાના મોટા દરેક વ્યકિતઓ હાજરી આપશે અને પોતાની માન્યતામાં વધુ મજબુત કરી લેશે તે બે મત નથી.

# દાહોદનાં નગરોના સર્વાંગી વિકાસ માટે ૩.૧૨ કરોડથી વધુના ચેક અર્પણ, નગરોના વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત સંપન્ન



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલાના યશસ્વી નેતૃત્વમાં રાજ્ય સરકારના પાંચ વર્ષ પૂર્ણ થવાના નિમિત્તે નવ દિવસીય સેવાયજ્ઞના આજના શહેરી જનસુખાકારીના દિવસે દાહોદની ત્રણે નગરપાલિકાઓને નગરનાં સવાર્ગી વિકાસ માટેના રૂ. ૩.૧૨ કરોડના ચેક અર્પણ કરાયા હતા અને નગરપાલિકા વિસ્તારમાં વિવિધ વિકાસ કાર્યો માટેનાં ઇ-ખાતમુહૂર્ણ સંપન્ન કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં દાહોદનાં સ્વામી વિવેકાનંદ સંકુલ ખાતે રાજયમંત્રી જયદ્રથસિંહ પરમારની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાયો હતો.

વિકાસકાર્યોના સેવાયજ્ઞના આંઠમા દિવસે યોજાયેલા કાર્યક્રમમાં રાજયમંત્રી જયદ્રથસિંહ પરમારે જણાવ્યું કે, મુખ્યમંત્રીના નેતૃત્વમાં રાજ્ય સરકારનાં પાચ વર્ષ પૂર્ણ થઇ રહ્યાં છે ત્યારે આ નવ દિવસના સેવાયજ્ઞમાં વિકાસની વણથંભી વણઝાર લાગી ગઇ છે. દાહોદમાં આજે ત્રણે મહાનગર પાલિકાઓને નગરોના સર્વાંગી વિકાસ માટે ચેક આપવામાં આવ્યા છે. જેમાં દાહોદ નગરપાલિકાને રૂ. ૧.૫૦ કરોડ, ઝાલોદ નગરપાલિકાને રૂ. ૧,૧૨,૫૦,૦૦૦ તેમજ દેવગઢ બારીયા નગરપાલિકાને રૂ. ૫૦ લાખના ચેક આપવામાં આવ્યા છે. જેથી દાહોદની ત્રણે નગરોનો સર્વાંગી વિકાસ થઇ શકે.

તેમણે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશની ૧૦૦ સ્માર્ટસીટી પ્રોજેક્ટમાં દાહોદ નગરનો સમાવેશ કરીને તેના વિકાસના દ્વાર ખોલી નાખ્યાં છે. અત્યારે સ્માર્ટ સિટી હેઠળ રૂ. ૫૫૯ કરોડના વિવિધ વિકાસ કામો ચાલી રહ્યા છે અને તેના વિવિધ પ્રોજેક્ટ થકી દાહોદ નગર તમામ અત્યાધુનિક સુવિધાઓ સાથેનું સ્માર્ટ સીટી બની જશે. આ ઉપરાંત દાહોદ નગરપાલિકા વિસ્તારમાં સીસી રોડના કામોનું પણ આજે ઇ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે.

ઝાલોદ નગરપાલિકા વિસ્તારમાં સીસી રોડના કામો, સ્ટ્રોમ વોટર ડ્રેનનાં કામો, પાણીપુરવઠા તેમજ લાઇટનાં કામો, બોક્ષ કલવર્ટનું કામ વગેરે કામોના પણ ખાતમુહૂર્ત થકી ઝાલોદ નગરનાં વિકાસને નવી પાંખો મળશે. જેનું આજે ઇ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે.

દેવગઢ બારીયામાં માન સરોવર રીટેઇનીંગ વોલ તેમજ ફાટક ફળિયા બોક્ષ કલવર્ટની કામગીરીનો પણ આજે ઇ-ખાતમુહૂર્ત મુખ્યમંત્રીએ કર્યું છે ત્યારે દેવગઢ બારીયા નગર પણ તમામ પાયાની સુવિધાઓ સાથે વિકસે તે માટેનું આયોજન કરવામાં આવ્યું છે.

શહેરી વિકાસ દિવસનાં અવસરે નગરપાલિકા પ્રમુખ રીનાબેન પંચાલે સ્વાગત પ્રવચન કર્યું હતું અને નગરનાં વિકાસ માટે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

આ અવસરે જિલ્લા પંચાયતના પ્રમુખ શીતલબેન વાઘેલા, દેવગઢ બારીયા નગરપાલિકા પ્રમુખ ચાર્મીબેન સોની, કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી, જિલ્લા વિકાસ અધિકારી તેજસ પરમાર, અગ્રણી શંકરભાઇ અમલીયાર,સુધીરભાઇ લાલપુરવાળા, લખનભાઇ રાજગોર, નગર પાલિકાના ચીફ ઓફિસર સહિતનાં અધિકારીઓ તેમજ નગરપાલિકાના પદાધિકારીઓ, સભ્યઓ ઉપસ્થિત રહ્યાં હતા.



પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ઘોઘંબા ગામના વૈજનાથ મહાદેવ મંદિર અને સ્મશાનની આસપાસ

# દિપડાની લટારોથી ગ્રામજનોમાં ડરનો માહોલ


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

- વન વિભાગ દિપડાને પાંજરે પુરે તેવી માંગ.
- દિપડો શિકારની શોધમાં રહેણાંક વિસ્તારમાં આવતા લોકોમાં ડર.

ઘોઘંબા, પંચમહાલ જીલ્લાના ઘોઘંબા પંથક વિસ્તારોના ગામોમાં દિપડાની રંજાડ થી ગ્રામજનો પરેશાન થતાં હોય છે અને દિપડાના નામથી ડર અનુભવી રહ્યા છે. ત્યારે ઘોઘંબા ગામે મંદિર અને સ્મશાનની આસપાસ છેલ્લા કેટલાક સમય થી દિપડા દેખાઈ રહ્યા છે. જેને લઈ ખેડુતોમાં ડરનો માહોલ છે. રાત્રીના સમયે દિપડો બકરાંના શિકાર માટે રહેણાંક વિસ્તારમાં આવી ચડતા ગ્રામજનોએ દિપડાને ઝડપી પાડવા માંગ કરી.

ઘોઘંબા તાલુકા વિસ્તારના અંતરીયાળ ગામો જંગલ વિસ્તારને અડીને આવેલ છે. તેવા વિસ્તારોમાં અવારનવાર દિપડાની રંજાડ રહેતી હોય છે અને તેમાં પણ આવા અંતરીયાળ ગામોમાં દિપડાના હુમલામાં બે થી ત્રણ જેટલા બાળકોને જીવ ગુમાવી ચુકયા છે. અને અનેક લોકો દિપડાના હુમલામાં ઘાયલ પણ થયા છે. ફોરેસ્ટ વિભાગ દ્વારા દિપડાને પાંજરે પુરતા ગ્રામજનો એ રાહતના શ્વાસ લીધો હતો. હાલ પણ સમયાંતરે અંતરીયાળ વિસ્તારના ગામોમાં દિપડો ખોરાકની શોધમાં રહેણાંક વિસ્તારમાં આવી ચડતા હોય છે. આમ, ઘોઘંબા તાલુકામાં દિપડાની બુમ અવારનવાર સામે આવતી રહે છે. છેલ્લા કેટલાક દિવસ થી ઘોઘંબા ગામે વૈજનાથ મહાદેવ મંદિર અને સ્મશાનની આસપાસમાં દિપડા એ અડીંગો જમાવ્યો છે. જેને લઈ સીમમાં આવેલ ખેતરોમાં જતા ખેડુતોમાં ડર ફેલાયો છે. ગત રાત્રીએ દિપડા એ નજીકમાં આવેલ રહેણાંક વિસ્તારમાં બકરાંનો શિકાર કરવાની કોશીષ કરી હતી પરંતુ આસપાસના લોકો બુમરાણ મચાવતા દિપડો નાશી છુટીયો હતો. ઘોઘંબા ગામમાં દિપડા એ અડીંગો જમાવ્યો છે. અને શિકાર માટે ગામના રહેણાંક વિસ્તારોમાં પણ આંટા મારી રહ્યા છે. ત્યારે દિપડા દ્વારા કોઈ વ્યકિતને ઈજાઓ પહોંચાડવામાં આવે તે પહેલા દિપડાને પાંજરે પુરવા માટે ફોરેસ્ટ વિભાગ કાર્યવાહી કરે તેવી ગ્રામજનોએ માંગ કરી છે.

## ગોધરાના ટુવા ખાતે આવેલ ગરમ ઠંડા પાણીના કુંડને પ્રવાસન અને યાત્રાધામ તરીકે વિકસાવા પ્રવાસનમંત્રીને રજુઆત

ગોધરા, ગોધરા તાલુકાના ટુવા ખાતે આવેલા ગરમ ઠંડા પાણીના કુંડના સ્થળ ને યાત્રાધામ અને પર્યટક સ્થળ તરીકે વિકસાવવા માટે ગુજરાત પ્રદેશ ભાજપના કારોબારી સભ્ય દ્વારા રાજ્યના પ્રવાસન મંત્રીને લેખિત રજુઆત કરી હતી.

ગુજરાત રાજ્યના પ્રવાસન મંત્રી જવાહરભાઈ ચાવડાને ગુજરાત પ્રદેશ ભાજપના કારોબારી સભ્ય ગોપાલભાઈ પટેલ દ્વારા લેખિત રજુઆત કરતા જણાવ્યું હતું કે, ગોધરા તાલુકાના ટુવા ખાતે આવેલા ગરમ ઠંડા પાણીના ઐતિહાસિક કુંડ આવેલા છે તે સ્થળને યાત્રાધામ અને પર્યટક સ્થળ તરીકે વિકસાવવા માટેની માંગ કરવામાં આવી છે.ત્યારે આ સ્થળે પૌરાણિક સોમનાથ મહાદેવનું મંદિર તથા મહાભારત કાળના અવશેષો છે. ત્યારે આ સ્થળે સમગ્ર દેશમાંથી યાત્રાળુઓ તેમજ વિદેશી મહેમાનો ટુવા ની મુલાકાત લે છે. ત્યારે આ સ્થળે પ્રાથમિક સુવિધાનો અભાવ છે.જેંના કારણે યાત્રિકોને મુશ્કેલી વેઠવી પડે છે. ત્યારે આ મામલે અગાઉ સરકારમાં પણ રજુઆત કરવામાં આવી હતી.જેમાં આ સ્થળે નાના મોટા કામો કરવા માટે ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. પરંતુ હાલમાં યાત્રાળુઓ આ સ્થળની મુલાકાત લે છે. તો તેમને રહેવા માટેની રેસ્ટ હાઉસ ની સુવિધા નથી. આ ઉપરાંત શૌચાલય,પીવાના પાણીની સુવિધા, પાર્કિંગ,ગાર્ડનની સુવિધા નથી. ત્યારે આ સ્થળ ખાતે સોમનાથ મહાદેવ ટ્રસ્ટની ૨૫ હેકટર જેટલી અંદાજીત જમીન આવેલી છે અને આ તમામ સુવિધાઓ તે જમીનમાં ઉપલબ્ધ થઈ શકે એમ છે. માટે અમારી રજુઆત છે કે, ટુવા ખાતે આવેલા ગરમ ઠંડા પાણીના કુંડના સ્થળને વહેલીતકે યાત્રાધામ અને પર્યટક સ્થળ તરીકે જાહેર કરવામાં આવે.

## ગોધરા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનની ટીમની કામગીરીને રેન્જ IG દ્વારા વખાણીને સન્માનપત્ર આપવામાં આવ્યું



ગોધરા, પંચમહાલ જીલ્લાના ગોધરા સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનના પી.આઈ જે.એન પરમાર અને તેમની ટીમને લીમખેડા પોલીસ સ્ટેશનમા નોધાયેલા એક છેતરપીંડી અને કાલોલના ઈસમને ભેટ આપવાની લાલચ આપીને ઓનલાઈન નાણા પડાવીને છેતરપિંડીના ગુનાઓનો ભેદ ઉકેલીને આરોપીઓને પકડી પાડવા બદલ સારી કામગીરી બદલ ગોધરા રેન્જ આઈ.જી.એમ.એસ. ભરાડા દ્વારા પુરસ્કાર અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામા આવ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ગોધરા ખાતે સાયબર શરૂ કરવામાં આવેલું સાયબર પોલીસ સ્ટેશન ત્રણ જીલ્લા પંચમહાલ, દાહોદ, મહિસાગરના નાગરિકો માટે આશિર્વાદ સમાન બન્યું છે. સાયબર ગુનાઓને લગતી ફરિયાદ અહીં નોધવામાં આવે છે. અહીંની સાયબર પોલીસની ટીમ પણ બાહોશ અને કૂશળ હોવાથી ગુનાઓના ભેદ પણ જલદીથી ઉકેલી કાઢે છે. પંચમહાલ જીલ્લા સાયબર પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા હાલમાં બે ગુનાઓના ભેદ ઉકેલી કાઢીને આરોપીઓને ઝડપી પાડવામા સફળતા મેળવી હતી.

દાહોદ જીલ્લાના લીમખેડા પોલીસ સ્ટેશનમાં એક ફરિયાદીને ફોન પર અજાણ્યા ઈસમે બેંકમાથી બોલું છું તેમ કહીને કેવાયસી અપડેટ કરવાને બદલે એટીએમ કાર્ડ અને ઓટીપી મેળવીને દોઢ લાખ જેટલી રકમ ટ્રાન્ફસર કરીને છેતરપીંડી કરી હતી. જેની તપાસમા સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા કરવામા આવતા ઝારખંડ રાજ્યના આરોપીને ભરૂચ ખાતેથી ઝડપી પાડચો હતો.અન્ય એક ગુનાની ફરિયાદ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમા નોંધાઈ હતી. જેમા ફરિયાદીને સોશિયલ મિડીયાના માદયમથી મિત્રતા કરીને ભેટ આપવાની લાલચ આપીને પાંચ લાખ જેટલી રકમ ટ્રાન્સફર કરાવીનારા ઈસમને દિલ્હી ખાતેથી ઝડપી લીધો હતો. આ બે ગુનાઓના ભેદ ઉકેલવા બદલ ગોધરા રેન્જ આઈ.જી.એમ.એસ.ભરાડા દ્વારા સાયબર ક્રાઇમ પોલીસ મથકના જાંબાજ પી.આઈ. જે.એન.પરમાર તેમજ તેમની બાહોશ ટીમ આર.એ.સાઠીયા, આર.સી. વઢવાણા, મહેન્દ્ર કુમાર, મૂકેશભાઈ, સંજયકુમાર, રાજેશકુમાર, અનીલકુમાર, હસમૂખભાઈ સહિતના પોલીસ કર્મચારીઓની કામગીરી વખાણીને સન્માનપત્ર આપીને સન્માનિત કરવામા આવ્યા છે.

## કાલોલના ખંડોળી ગિરધરપુરી સીમના પાકની રોપણી માટે માઈનોર કેનાલમાં નર્મદા કેનાલનું પાણી છોડવા ખેડૂતોની માંગ


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ, કાલોલ તાલુકા વિસ્તારમાં આ વર્ષે થયેલા સામાન્ય વરસાદને પગલે ચોમાસું પાક એવા ડાંગરના પાકનું વાવેતર હજુ સુધી કરવામાં આવ્યું નથી. કાલોલ તાલુકાના ખંડોળી-ગિરધરપુરી ગ્રામ્ય વિસ્તારોમાં ડાંગરના પાકની સારી એવી વાવણી દર વર્ષે કરવામાં આવે છે. આ સમગ્ર વિસ્તારો નર્મદા કેનાલના રાજુપુરા માઈનોર કેનાલ સાથે જોડાયેલા હોવાથી ચાલુ વર્ષે ચોમાસા સિઝનમાં શરૂઆત ના ઓછા વરસાદને કારણે ડાંગરના પાકની વાવણી માટે નહેરના પાણીની તાત્કાલિક જરૂરીયાત ઉભી થઈ છે. નર્મદા કેનાલ સંલગ્ન આ રાજુપુરા માઈનોર કેનાલ પર રાજુપુરા, સમા, મોકમપુરા, ખંડોળી, ગિરધરપુરી જેવા અનેક ગામોની ડાંગર ના પાક ની વાવણી કરવા માટે ખેડૂતો સારા વરસાદ ની રાહ જોઈ રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે અત્યારે નર્મદા કેનાલ દ્વારા બીજી અન્ય જગ્યાએ પાણી છોડવામાં આવે છે તો બીજી તરફ શરૂઆત ના સામાન્ય વરસાદને અભાવે ડાંગરના ધરૂ ની વાવણી હજુ સુધી થઈ શકી નથી. જેથી અસરગ્રસ્ત બનેલા આ તમામ વિસ્તારોમાં વિવિધ પાકોની વાવણી માટે જરૂરી એવો નર્મદાનો પાણી પુરવઠો તાત્કાલીક અસરથી માઈનોર કેનાલમાં છોડવામાં આવે તેવી આ સમગ્ર વિસ્તારના ખેડૂતો ની ઉગ્ર લોકમાંગ કરી છે.

## કાંકણપુર ખાતે આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં કોવિડ રસીકરણ કાર્યક્રમ યોજાયો



કાંકણપુર, પંચમહાલ જીલ્લાના ગોધરા તાલુકાના કાંકણપુર ખાતે આવેલી સર્વોદય ચેરીટેબલ સંચાલિત શ્રી જે.એલ.કોટેચા આર્ટસ અને શ્રીમતી એસ.એચ.ગાર્ડી કોમર્સ કોલેજ ખાતે એન.એસ.એસ યુનિટ અને સી.ડબલ્યુ ડી.સી તેમજ રોટરી ક્લબના સહયોગથી કોવીડ રસીકરણ શીબીરનુ આયોજન કરવામા આવ્યુ હતું. જેમાં નદીસર આરોગ્ય કેન્દ્રના ડો હેમરાજની ટીમ હાજર રહીને આસપાસના ગ્રામજનોને પહેલા અને બીજા ડોઝનું રસીકરણ કરવામાં આવ્યું હતું. જેમાં ૨૫૦ જેટલા લોકોને રસી મુકવામા આવી હતી. આ રસીકરણમાં આસપાસ આવેલા કાંકણપુર, શિવપુરી, ટુવા, રામપુરા, મોર્યા, પઢીયાર, લાકોડના મુવાડા, વેગનપુર અને આજુબાજુના ગામલોકોએ રસીકરણ કેમ્પનો લાભ લીધો હતો. આ રસીકરણ કાર્યક્રમમાં રોટરી ક્લબના પ્રમુખ અપુર્વ પાઠક, આસિ ગર્વનર ઉદય વેંદાતી, અરવિંદસિંહ બારીયા, સમીર પરીખ લાયબ્રેરીયન જે.પી.બારીયા ઉપસ્થિત રહ્યા હતા. શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સીટીના એન.એસ.એસ. વિભાગના કો.ઓર્ડીનેટર ડો.એન.એચ.પટેલે માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. સીડબલ્યુસીના ડો. ઉષાબેન પટેલ, એન.એસ.એસ પોગ્રામ ઓફીસર ડો.મહેશ રાઠવા, કોલેજના આચાર્ય જે.એન.શાસ્ત્રી હાજર રહ્યા હતા. રસી મુકાવનારાઓને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યા હતા. કોલેજતંત્ર દ્વારા આરોગ્ય ટીમનો પણ આભાર માનવામા આવ્યો હતો.

કાલોલ નગરના તળાવની પાડ પર રહેતા નંગાજી ફોજાજી વણજારા અંદાજિત ઉંમર ૬૫ વર્ષ છે. જેઓ શનિવારના રોજ સવારે ગોધરા જવા માટે કાલોલ બસ સ્ટેશનમાં ગયા હતાં. આ સમય દરિમ્યાન દાહોદ-સુરત જતી બસ એસટી ડેપોમાં ગશી આવતા એસટી બસના ચલાકની ગફલત ભરી બસ ચાલવાતાં બસ સ્ટેન્ડમાં ઉભેલા પુરૂષને પાછળના ભાગે ટક્કર લાગતા


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

પુરૂષ જમીન પડી જતાં એસટીનું ટાયર પગના પંજાના ભાગે ફરી વળતા નજીકના લોકો દોડી આવી પુરૂષને કાલોલ રેફરલ હોસ્પિટલમાં સારવાર અર્થ ખસેળવામાં આવ્યા હતાં.

## મરડેશ્વર મહાદેવ મંદિર ખાતે ધારાસભ્યએ પત્ની સાથે મહાદેવની પૂજા-અર્ચના કરી


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, પંચમહાલના પૌરાણિક મરડેશ્વર મહાદેવ મંદિર ખાતે શ્રાવણ માસની શરૂઆત પહેલા બ્રાહ્મણોના વૈદિક મંત્રોચ્ચાર સાથે ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ અને તેમની પત્નીએ મરડેશ્વર મહાદેવની પૂજા-અર્ચના કરી હતી. મંદિરનું પરિસર આજથી એક માસ સુધી હર હર મહાદેવના નાંદથી ગુંજી ઊઠશે.

શહેરા લુણાવાડા હાઈવે માર્ગને અડીને આવેલ પૌરાણિક મરડેશ્વર મહાદેવનું મંદિર મહાદેવ ના ભક્તો માટે આસ્થાનું કેન્દ્ર છે. શ્રાવણ માસના પારંભ પહેલા મરડેશ્વર મહાદેવ મંદિર ખાતે રવિવાર ના રોજ ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ અને તેમની પત્નીએ બ્રાહ્મણોના વૈદિક મંત્રોચાર સાથે દૂધ, જળઅભિષેક કરી મરડેશ્વર મહાદેવની પૂજા-અર્ચના કરી હતી. ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ અને તેમની પત્ની તેમજ જીગ્નેશભાઈ પાઠક, મગનભાઈ પટેલિયા, નટુભાઈ સહિત મહાદેવ ભક્તોએ દેવાધિદેવ મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. જ્યારે મંદિર ખાતે સવા લાખ માટીના પાર્થેશ્વર શિવલિંગ બનાવીને ભુદેવોના વેદિક મંત્રોચ્ચાર સાથે શ્રાવણ માસ દરમિયાન પૂજા-અર્ચન થનાર છે. મંદિરનું પરિસર અમાસના દિવસથી જ હર હર મહાદેવના નાંદથી ગુંજી ઉઠ્યું હતું. આજે શ્રાવણ માસનો પ્રારંભ થનાર છે. ત્યારે ઘરે પૌરાણિક મરડેશ્વર મહાદેવ મંદિર સહિત તાલુકામાં આવેલ વિવિધ શિવાલયો હર હર મહાદેવના નાંદથી ગુંજી ઊઠશે.


## ગોધરા ખાતે પી.ટી. મીરાની હોસ્પિટલના સ્થાપકના જન્મદિવસ નિમત્તે રક્તદાન શિબીરનું આયોજન


તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા, ગોધરા નુતન વિદ્યાલય તથા પીટી મીરાની આઈ હોસ્પિટલના આદ્યસ્થાપક મણીભાઈ એસ.પટેલ ૯૨ વર્ષ પૂર્ણ કરતા તેમના જન્મદિન નિમિત્તે લાયન્સ કલબ ગાયત્રી પરિવાર તથા વિવિધ સેવાભાવી સામાજિક સંસ્થાઓના સૌજન્યથી સ્વૈચ્છિક રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ સંસ્થાના સેવાભાવી કાર્યકરો તથા રકતદાતાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ૬૨ યુનિટ રકતદાન કર્યું હતું. આ પ્રસંગે મીરાની હોસ્પિટલના ટ્રસ્ટીઓ પ્રકાશભાઈ દીક્ષિત, નીતિનભાઈ શાહ, લાયન્સ કલબના પ્રમુખ શૈલેષ, શેઠ મલ્ટીપલ કાઉન્સિલના ચેરમેન જે.પી.ત્રિવેદી, મંત્રી કેતકી સોની, ખજાનચી ગીતા લુહાણા, સભ્યો રેડક્રોસ સોસાયટીના માનદ્મંત્રી કિશોરીલાલ ભાયાણી, ઉપપ્રમુખ કેતનભાઈ પરીખ, નવનીત તનેજા, ગાયત્રી પરિવારના સભ્યો, સામાજિક કાર્યકર ઈમરાનભાઈ ઈલેક્ટ્રિકલવાલા ઉપસ્થિત રહ્યા હતા. રકતદાતાઓને સર્ટીફીકેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

વિશ્વ આદિવાસી દિવસની હાર્દિક શુભેચ્છાઓ....

શ્રી રમેશભાઈ બી. રાઠવા
પ્રમુખશ્રી ઘોઘંબા તાલુકા ભાજપ આદિવાસી મોરચો
ઘોઘંબા, જી.પંચમહાલ

વિશ્વ આદિવાસી દિવસની હાર્દિક શુભેચ્છાઓ....

શ્રી કૌશિકભાઈ વી. રાઠવા
ઘોઘંબા, જી.પંચમહાલ

વિશ્વ આદિવાસી દિવસની હાર્દિક શુભેચ્છાઓ....

શ્રી રમેશ આર. રાઠવા
બચલીબેન આર. રાઠવા
ઘોઘંબા, જી.પંચમહાલ


વિશ્વ આદિવાસી દિવસની હાર્દિક શુભેચ્છાઓ....

શ્રીમતી નિમિષાબેન સુથાર
ધારાસભ્ય, મોરવા(હ) જી.પંચમહાલ

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 296